ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરમાં મોસમ મરચાં - મસાલાની

## શહેરમાં મસાલા ભંડારોમાં રંગબેરંગી તાજા મસાલાઓનો સ્ટોક આવ્યો

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં મસાલાની સિઝન ચાલુ થઈ ગઈ છે ત્યારે ગાંધીનગર-મહુડી માર્ગ પર મસાલાનો વેપાર-ધંધો કરતા વેપારીઓ દ્વારા ફ્રેશ મસાલાઓ લાવી દેવાયા છે. અત્યારથી અવનવા મસાલાઓનો જથ્થો ભેગો કરી દેવાયો છે. હળદર, જીરૂ,મરચું, ગરમ મસાલા ઉપરાંત અવનવા મુખવાસનું વેચાણ કરવામાં આવે છે. તીખી તમતમતી, ચટાકેદાર, સ્વાદિષ્ટ, મજેદાર, મોમાં પાણી છુટે એવી રસોઈ કે વાનગી, શાક, ફરસાણ માટે અનિવાર્ય સામગ્રી એટલે મસાલા.

મનગમતા સ્વાદનો આનંદ આપનારા મસાલા કોઈ પણ નિપુણ શાક શાસ્ત્રવિદ વ્યકિત, રસોયા કે ગૃહિણીની નિપુણતાની સચોટ અને સમર્થ પારાશીશી છે. મસાલાના કારણે સ્વાદના શોખીનો અને ભોજનના રસિયા મનગમતી વેરાયટીઓ માણી શકે છે. મસાલાનો શાણપણ ભર્યો અનેક ઉચિત ઉપયોગ સ્વાદના શોખીનોની વાહવાહ પ્રાપ્ત કરી શકે છે.

માત્ર રસોઈ કે ફરસાણ જ નહિ પણ અન્ય સ્વાદની સામગ્રી જેમ કે ચટણી, અથાણાં, રાયતા, પાપડ ઈત્યાદિમાં પણ મસાલા જ મહત્વની ભૂમિકા ભજવે છે.

માનવીની જીભ એક જ છે પણ એમાં જાતજાતના સ્વાદ પારખવાની ગજબની શકિત સમાયેલી છે. કોઈને વધુ પડતું તીખું, કોઈને ઓછું, કોઈને મધ્યમ તો કોઈને મોળું ભાવે એ જુદી વાત છે પણ મસાલાનું વધતું-ઓછું પ્રમાણ તો સર્વત્ર રહેવાનું જ.

પ્રમાણસર મસાલા વિનાનું ભોજન એ જાણે ભોજન જ નહિ. મસાલા-ભોજનને સ્વાદિષ્ટ બનાવે છે એટલું જ નહિ પરંતુ તેની મહેકથી અને દેખાવ માત્રથી ભૂખ પ્રજવલ્લિત થાય છે. પાચનક્રિયા સરળ બને છે. માનવશરીર પંચ મહાભૂતનું બનેલું છે. આયુર્વેદના અભિપ્રાય અનુસાર માનવશરીરને રોગગ્રસ્ત કરવા માટે વાત-પિત્ત અને કફ મુખ્ય કારણરૂપ છે. આથી શરીરને રોગમુકત રાખવાની ભાવનાથી કહો કે માનવીના ખોરાક સ્વાદિષ્ટ બનાવવાની ઈચ્છાથી પ્રેરાઈને આપણા ખોરાકમાં મસાલાને પ્રાધાન્ય આપ્યું છે. કોઈ પણ વાનગીમાંથી મસાલો કાઢીલો એટલે કે જાણે જીવ વિનાનું ખોળિયું!

### મસાલાના ભાવ

હળદર - ૧૮૦ થી ૨૦૦ રૂ. કિલો
જીરૂ - ૨૨૦ રૂ. કિલો
ધાણાજીરૂ દળેલું - ૨૦૦ રૂ. કિલો
કાશ્મીરી મરચું - ૫૦૦ રૂ. કિલો
તીખું મરચું - ૨૪૦ રૂ. કિલો
ગરમ મસાલો - ૫૦ થી ૭૦રૂ.

મસાલા ભરવા એ પ્રત્યેક ગૃહિણી માટે અતિ મહત્વનું ભગીરથ કાર્ય ગણાય છે. આખો દિવસ ગલીમાં કે ગેલેરીમાં બેસી મસાલા ખાંડતી બાઈની દેખરેખ રાખવી, મરચા સૂકવવા, ધાણાજીરું, હળદર તડકે મુકી તપાવી, તેને ધૂળ કચરાથી બચાવવા અને આડોશી પાડોશીઓના કડવા-મીઠા બોલ સાંભળવા એ ઘણી કપરી કસોટીનું કામ છે. પરંતુ હવે સમય બદલાયો છે. વ્યસ્તતા ચારેકોર વધી ગઈ છે. સર્વ ક્ષેત્રે પ્રગતિ સધાઈ છે. નાગરિકોને હવે સમયનો નિરર્થક ભોગ આપવાનું, રાહ જોવાનું પરવડતું નથી. બધું તૈયાર જોઈએ એટલે જ તૈયાર મસાલાનો વ્યવસાય શરૂ થયો છે. જે ટૂંક સમયમાં જ આ વ્યવસાય ધમધમતો બની ગયો છે. દરેક પ્રકારના મસાલા વાપરવા માટે જે સ્વરૂપમાં જોઈએ તે સ્વરૂપમાં તૈયાર મસાલા મળવા લાગ્યા છે.




મસાલાની સામગ્રીની પણ અનેક જાત છે. દાખલા તરીકે મરચાં, સામાન્ય રીચે મરચાં એટલે મરચાં એમાં શું ફરક પડે એવું સાધારણ માણસનું અનુમાન હોય છે. પરંતુ એવું નથી. મરચાંની પણ અનકે જાતો છે. જેમ કે વરંગલ, રેશમપટ્ટી, આંધ્રના ગંઢુર, હુબલીના કાશ્મીર મરચાં, કર્ણાટક બ્યાણી મરચાં, શંખેશ્વરી મરચાં, પાંડી મરચાં, મદ્રાસના આકોલા મરચાં વગેરે જાતો હોય છે. આ જ પ્રમાણે હળદર, ધાણાજીરૂમાં પણ અનેક જાતો આવે છે.

# સાબરમતી યુનિવર્સિટી દ્વારા સંશોધન ટેકનોલોજી પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ગાંધીનગર, તા.૧૯

સાબરમતી યુનિવર્સિટી ખાતે દસ દિવસનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ઈ એન્ડ આઈસીટી એકેડેમી, એનઆઈટી, વારાંગલ તેમજ સાબરમતી યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં સાબરમતી યુનિવર્સિટીના કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ફેકલ્ટી મેમ્બર્સ, રિસર્ચ સ્કોલર્સ તેમજ અન્ય વિભાગના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં IIT, NIT, IIM (જમ્મુ, બોધગયા, સિરમોર અને અમૃતસર) ના તજજ્ઞો દ્વારા અલગ-




અલગ વિષય પર પ્રોગ્રામમાં ઉપસ્થિત ફેકલ્ટી મેમ્બર્સ સાથે ચર્ચા કરવામાં આવી હતી તેમજ રિસર્ચ અને ટેકનોલોજીકલ ચેન્જિસ, ટેકસેશન, બિઝનેસ પોલીસી, ઈકોનોમિક્સ, આંતરપ્રેન્યોરશિપ અને ઈનોવેશન, રિસર્ચ ટ્રેન્ડ્સ અને ટેકનોલોજી પર તજજ્ઞો દ્વારા પોતાના વિચાર રજૂ કરવામાં આવ્યા હતા. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સમગ્ર કો-ઓર્ડિનેશન સાબરમતી યુનિવર્સિટીના મેથેમેટિકસ વિભાગના ડીન ડૉ.વરૂણકુમાર, કો-કન્વિનર અને મેનેજમેન્ટ વિભાગના હેડ ડો. અંશુલ રાજાવત, અન્ય ફેકલ્ટી અંકિતા જાવર, ઈશિતા રાવલ, એકતા રાવલ, કોમર્સ વિભાગના હેડ ડો. રૂપમ મિશ્રા, દેવલ જિલરિયા, ડો. મિન્તી સિન્હા અને મુસ્કાન ગર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજે સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ યોજાશે

## ગાંધીનગરની ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે યોજાનારા કાર્યક્રમમાં માતૃભાષા મહોત્સવનું ઉદઘાટન તથા કાવ્ય-સંગીત સમારોહ પણ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહનું તા. ૨૦મી ફેબ્રુઆરી રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાથે 'માતૃભાષા મહોત્સવ'નો ઉદઘાટન સમારોહ તથા 'કાવ્યસંગીત સમારોહ' પણ યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે રાજયના ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી અર્જુનસિંહ ચૌહાણ ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ગાંધીનગરના ત્રણ સાહિત્ય સર્જકોનું સન્માન કરાશે.

ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડયા અને અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયા ઉપસ્થિત રહેશે. સાહિત્ય અકાદમી દ્વારા 'શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક' અર્પણ સમારોહમાં ગાંધીનગર સાહિત્ય સભાના સલાહકાર કિશોર જીકાદરા, પૂર્વ પ્રમુખ નટવર હેડાઉ, કવિ ડૉ. અંબાલાલ પ્રજાપતિ, કવિ ધ્વનિલ પારેખ, કિર્તીદા બ્રહ્મભટ્ટ અને ડૉ. અનિલ ચૌહાણને પુરસ્કાર એનાયત કરવામાં આવશે. કાર્યક્રમમાં કાવ્ય સંગીત સમારોહની પ્રસ્તુતિ પ્રહર વોરા અને ગાર્ગી વોરા કરશે જયારે કાર્યક્રમનું સંચાલન તુષાર જોષી કરશે.



સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ આંતર-વિભાગીય કેરમ સ્પર્ધા તા.૧૧/૨/૨૦૨૨ના રોજ યોજાઈ હતી. તેમાં ડબલ્સમાં પરેશ ગટાડ અને કિશોર પટણી તથા શૈલેષ મજમુદાર(સેક્શન ઓફિસર) અને દશરથભાઈ નાઈ(ડેપ્યુટી સેક્શન ઓફિસર) વચ્ચે ફાઈનલ રમવામાં આવી હતી. જેમાં વિજેતા - પરેશ ગટાડ અને કિશોર પટણી જ્યારે ઉપવિજેતા - શૈલેષ મજમુદાર અને દશરથભાઈ નાઈ વિજેતા રહ્યા હતા.

# આઈઆઈટીઈએ સંલગ્ન કોલેજોની એલઆઈસી ઓનલાઈન કરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટીના વ્યવસ્થાતંત્રે નવીન પ્રયોગ હાથ ધર્યો છે.

પ્રવેશ પરીક્ષામાં ટેકનોલોજીના ઉપયોગ બાદ સંલગ્ન કોલેજના જોડાણ માટેની 'એલઆઈસી' યુનિવર્સિટીઓ માટે મોટો પડકાર હોય છે. આઈઆઈટીઈ દ્વારા આજરોજ સંલગ્ન ૧૮ કોલેજની 'એલઆઈસી' ટેકનોલોજીના માધ્યમથી ઑનલાઈન હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રત્યેક કોલેજ દીઠ ત્રણ સભ્યોની સમિતિએ ગૂગલ મીટના માધ્યમથી ઑનલાઈન પ્રક્રિયા હાથ ધરી હતી.

એકેડેમિક વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પ્રક્રિયામાં ગૂગલ મીટમાં જરૂરી સંસ્થાકીય વિગતો, ભૌતિક સંસાધન, સુવિધાઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, લાઈબ્રેરી સહિત હાજરીની વિગતો સાથે સ્ટાફ-વિદ્યાર્થી સાથે સંવાદ, ડિજિટલ કેમ્પસ ટુર સહિતની બાબતોનો સમવેશ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયાથી સમય, નાણાં અને સંસાધનોના બચાવ સાથે પારદર્શક વ્યવસ્થા ગોઠવી જોડાણની પ્રક્રિયા હાથ ધરી શકાય તે માટે સમગ્ર પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ પણ હાથ ધરવામાં આવ્યું છે.



વિવિધ પ્રકારના દાખલા મેળવવા માટે જનસેવા કેન્દ્ર પર સવારથી જ અરજદારોનો મેળો જામે છે. હાલમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓની સિઝન ચાલે છે. સાથે જ એડમિશનની સિઝન ચાલતી હોવાથી વિવિધ પ્રકારના દાખલાઓની જરૂરીયાત હોઈ ઉમેદવારો પણ જનસેવા કેન્દ્રો પર જોવા મળે છે.

## આજ રોજ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષાનાં મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા ડૉ. આશય જગદીશભાઈ દ્વિવેદીનું સન્માન

ગાંધીનગર, તા.૧૯

ડૉ. આશય જગદીશભાઈ દ્વિવેદી ને M.B.B.S. માં ગોલ્ડ મેડલ સાથે ઉતીર્ણ થવા બદલ તથા P.G. માં મધ્યપ્રદેશ રેવા કોલેજમાં મેરિટ માં પ્રવેશ મેળવવા બદલ બ્રહ્મ સમાજનું ગૌરવ વધારવા બદલ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષાનાં મુખ્ય સંગઠક શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી એ શાલ તથા ભગવાન પરશુરામની છબી ભેટ આપી સન્માન કરી ઉત્તરોત્તર




પ્રગતિ કરી બ્રહ્મ સમાજ નું નામ રોશન કરવા તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

# મુલાકાતીઓને સવલત રહે તે માટે સાયન્સ સિટી કેમ્પસમાં હાઈટેક શેડ બનાવાયા

## વૃક્ષોને હાનિ ના પહોચે તે રીતે આશરે એક કિલોમીટર જેટલા આ શેડ તૈયાર કરાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ સ્થિત ગુજરાત સાયન્સ સિટી મુલાકાતીઓ માટે લોકપ્રિય સ્થળ બની ગયું છે. સાયન્સ સિટી ૨.૦ કોવિડ બાદ નવા આકર્ષણો સાથે જાહેર જનતા માટે ફરી શરૂ થયું ત્યારથી મુલાકાતીઓનો અવિરત પ્રવાહ સતત ચાલુ રહ્યો છે. સાયન્સ સિટી ખાતે દેશભરમાથી દરેક ઉમરના મુલાકાતીઓ અહી મુલાકાતે આવે છે ત્યારે ઠંડી, ગરમી, તાપ, વરસાદ સામે



મુલાકાતીઓને સવલત રહે તે માટે સાયન્સ સિટીના કેમ્પસમાં માર્ગ પર હાઈટેક શેડ તૈયાર કરવામાં આવ્યા છે.

કુદરતના સાનિધ્યમાં વિશાળ કેમ્પસમાં પથરાયેલ અત્યાધુનિક ગેલેરીઓ સાથે કુદરતની સમીપ લઈ જતું આ સ્થળ અબાલ વૃદ્ધ સહુને આકર્ષે છે.

સાયન્સ સિટી ખાતે તૈયાર કરવામાં આવેલા જુદા જુદા શેડની કુલ લંબાઈ આશરે એક કિલોમીટર જેટલી થાય છે. આ શેડ કોઈ પણ ઝાડ-છોડ કે વનસ્પતિ જીવને કોઈ પણ પ્રકારે હાનિ ન પહોચે તે કાળજી રાખીને તૈયાર કરાયા છે . આ શેડ કોઈ પણ પ્રકારની વધારાની લાઈટિંગનો ઉમેરો કર્યા વગર વર્તમાન સ્ટ્રીટ લાઈટના પ્લાનીંગને અનુરૂપ જ તૈયાર કરવામાં આવ્યાં છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા પર્યાવરણને હાનિ ન પંહોચે તે રીતે મુલાકાતીઓની સવલતમાં ઉત્તરોતર વધારો કરવા કટિબદ્ધ જે અંતર્ગત જ્ઞાન વિશ્વની આ મનોરંજક સફરમાં કોઈ હાલાકી ન પડે અને સગવડ અને સુવિધા મળી રહે તે અંતર્ગત આ શેડ તૈયાર કરાયા છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'વિશ્વ માતૃભાષા દિને' સાહિત્ય સર્જકોને પુરસ્કૃત કરાશે

ગાંધીનગર, તા.૧૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ એટલે કે 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે બપોરે ૩:૦૦ કલાકે માતૃભાષાવંદના અને તેના ગૌરવગાન માટે 'મારું ઘર બને ગુજરાતી' નામે એક ભવ્ય કાર્યક્રમ માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાઈ રહ્યો છે. આ સાથે યુનિવર્સિટી દ્વારા આયોજિત 'બાળવાર્તા, બાળગીત, હાલરડાં અને બાળનાટક સર્જન સ્પર્ધા'માં જુદી જુદી વયજૂથના ૩૬ જેટલા વિજેતા સાહિત્યસર્જકોને કુલ રૂપિયા ૨ લાખ ૭૬ હજારના ઈનામો આપી પ્રોત્સાહિત કરવાનો અનોખો પ્રસંગ પણ યોજાશે. આ અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે, એક સાથે આટલા સર્જકોને આવી વિશિષ્ટ સર્જનસ્પર્ધા દ્વારા પુરસ્કૃત કરનારી કદાચ અમારી આ પહેલી યુનિવર્સિટી હશે. આ કાર્યક્રમમાં 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ના અધ્યક્ષ અને સુખ્યાત સાહિત્યકાર શ્રી ભાગ્યેશ જહા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિતિ રહેશે. ઉપરાંત આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યમાં રસ-રુચિ ધરાવતા ભાષાપ્રેમીઓ, સાહિત્યકારો તેમજ ગણમાન્ય લોકો ઉપસ્થિત રહેશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભાવેશભાઈ જેઠવાની રાહબરીમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. કોઈ પણ માતૃભાષા પ્રેમી આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. કાર્યક્રમના સંયોજક તરીકે ગુજરાતી વિભાગના ડૉ. સંજય પટેલ ભૂમિકા નિભાવી રહ્યા છે.

# એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમમાં ફેબ્રિક પેસ્ટીંગ એકિટવિટી



ગાંધીનગર, તા.૧૯

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ફેબ્રિક પેસ્ટીંગ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજયો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને વેસ્ટ માંથી બેસ્ટ એવી જૂના કાપડમાંથી અલગ અલગ આકારની ડીઝાઈન બનાવીને કાગળ પર ફેબ્રિક પેસ્ટીંગ એક્ટિવિટી કરી હતી. જેમાં બાળકોએ અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો.

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સુલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સુલેખન સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ધોરણ-૩ થી ૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે આ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં ૩૦ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. તેમાં ધોરણ ૩ની પ્રજાપતિ હેતાંશી, ધોરણ-૪ની પ્રજાપતિ આયુષી અને ધોરણ-૫ની પટેલ ખુશી સુલેખનની પ્રવૃત્તિમાં વિજેતા થયા હતા. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ દક્ષાબેન, કાશ્મીરાબેન અને રેખાબેને કર્યું હતું.



શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



કાંતિભાઈ પટેલ
એડવોકેટ
મો. ૯૪૨૭૦ ૦૬૩૭૫



કમલનયન બ્રહ્મભટ્ટ
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૫૧૦૮૫




અરના મનસુરી
મો. ૮૭૮૦૨ ૬૬૬૨૪



કેયુર એમ. ખખ્ખર
મો. ૯૭૨૫૬૫૩૫૮૦



કૃતજ્ઞા વસાવડા



દિશા દિનેશભાઈ સાકરીયા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. ચૌહાણ (ઠાકોર) સંજનબેન આતાજી, ઉ.વ. ૯૦, વલાદ